**ફોજદારી કેસ નં. ૨૨૬૩/૨૦૨૫**

–:: આંક– ૧ નીચે હુકમ ::–

(૧) ફરીયાદીને સાંભળ્યા, પુરસીસ તથા કેસનું રેકર્ડ વંચાણ લીધુ. ફરીયાદી હાલની પુરસીસ થી જાહેર કરેલ છે કે, તેઓ આરોપીઓ વિરૂધ્ધનો ગુનો કમ્પાઉન્ડ (દરગુજર) કરે છે. અને તેમને સદર કેસ આગળ ચલાવવો નથી. સદર આંક– ૧૧ વાળી પુરસીસ તેઓને વાંચી, સં ભળાવી સમજાવતા સ્વેચ્છાએ કબુલ–મંજુર રાખેલ છે.

(૪) બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૯ મુજબ ગુનો કમ્પાઉન્ડ (દરગુજર–માફ) કરવા માટે ફરીયાદી પુરશીસથી જાહેર કરી શકે અને તેથી હાલની પુરસીસ સ્વિકારવાને પાત્ર છે. તેમજ ફરીયાદની હકીકતને ધ્યાને લ ેતા જો પુરસીસ ગ્રાહય રાખી કેસ ફેંસલ કરવામાં આવેતો અન્ય કોઈ વ્યકિતના કોઈ હીતને નુકશાન થતુ હોય તેમ જણાતું નથી. વધુમાં આરોપીઓ સાથે ફરીયાદીને સમાધાન થઈ ગયેલ હોય તેવુ આંક–૧૦ની પુરશીસથી જાહેર કરેલ છે. ફરીયાદી સ્વૈચ્છિક રીતે હાલની કમ્પાઉન્ડ માટેની અરજી આપેલ છે. ઉપરોકત તમામ પાસા ધ્યાને લઈ હાલની પુરસીસ રેકર્ડ કરવામાં આવે છે અને ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

૧. આ કામના આરોપીઓ (૧) રમેશભાઈ મોહનભાઈ ડવ, (૨) જયદિપભાઈ મેણંદભાઈ લાવડીયા તથા (૩) રાજદિપભાઈ મેણં દભાઈ લાવડીયા તથા (૪) ધીરાજભાઈ હમીરભાઈ લાવડીયા તથા (૫)હમીરભાઈહરસુરભાઈ લાવડીયાનાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૯, (૧), (૨), (૮) અન્વયે તેમની સામે નોંધાયેલ બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨),૩૫૨ ,૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાના તહોમત માંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદર કામે કબજે કરેલ મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

૩. આરોપીના જામીન ખત અપીલ સમય વિત્યે રદ ગણવા.

હુકમ આજ તા.–૧૮મી, માહે– એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ કામચી લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ–૧૮/૦૪/૨૦૨૬
સ્થળઃ– ગઢડા

(રવિન્દ્ર કુમાર)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ગઢડા
કોડ નં. જી.જે.૦૧૭૧૩